પોતાની માતૃભાષાને જીવંત રાખવા પ્રખ્યાત કવિઓની કવિતાઓનું પઠન કરાયું

# IITGnના મહેફિલે મુશાયરામાં સ્ટુડન્ટ્સ આફરિન પોકારી ઊઠ્યા



આઈઆઈટી ગાંધીનગર ખાતે મહેફિલે મુશાયરાનું આયોજન કરવામા આવ્યું હતું. સમગ્ર દેશમાંથી એન્જિનિયરિંગના પાઠ ભણવા આવતા સ્ટુડન્ટ્સ સ્ટડીની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ રસ દાખવે માટે કેમ્પસમાં સ્પોર્ટસની સાથે સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. જે સંદર્ભે મહેફિલે મુશાયરામાં કેમ્પસના સ્ટુડન્ટ્સે પાર્ટિસિપેટ કર્યું હતું. આ અંગે વાત કરતાં આઈઆઈટીના પ્રોફેસર મુબ્બશીર એહસાને જણાવ્યું હતું કે ઉર્દુ, હિન્દી, કવિઓની રચનાઓનું પઠન કરવામાં આવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર દેશમાંથી એન્જિનિયરિંગ ભણવા આવતા સ્ટુડન્ટ્સ પોતાની માતૃભાષા છોડી માત્રને માત્ર અંગ્રેજીમાં વાતો કરતા હોય છે. તેઓ પાતાની મ્રાતભાષા મહદઅંશે ભૂલી પણ જતાં હોય છે તેથી યંગસ્ટર્સમાં માતૃભાષાના માધ્યમથી કવિઓની રચનાઓને યાદ રાખે માટે મુશાયરો યોજવામાં આવ્યો હતો. આજની જનરેશન લવ, હેટરેડ, ક્રિટિસિઝમને એન્જોય કરતાં હોય છે એટલે એજ પ્રકારની કવિતાઓનુ પઠન કરવામાં આવ્યું હતું.



**સ્ટડીની સાથે સ્ટુડન્ટ્સ ઇતર પ્રવૃત્તિઓમાં પણ રસ દાખવે માટે કાર્યક્રમ યોજાયો**

તુમ સમંદરકી બાત કરતે હો
લોગ આંખોમે ડૂબ જાતે હૈ
અપને મન મેં ડૂબ કર પા જા સરાગ ઝિંદગી
તુ અગર મેરા નહીં બનતાન બન અપના તો બન
ઇશ્કસે તબિયતને જિસ્તકા મઝા પાયા
દર્દકી દવા પાઇ દર્દ બે દવા પાયા

**Title:** Students thoroughly enjoyed Mehfil-e-Mushayara at IITGN
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/edition/54089/ahmedabad/page/17
**Date:** 24-11-2018